HUNTSMAN

Enriching lives through innovation

પ્રમાણિકતા





સચ્ચાઇ



આદર

જવાબદારી



# HUNTSMAN ખાતે કામ કરવું • વિક્રેતાની આચાર સંહિતા

# વિહંગાવલોકન

Huntsman પોતાના વ્યવસાય સાથે સંબંધિત પ્રણાલિકા માટે આચારનાં ધોરણો સ્થાપિત કર્યાં છે જેને આપણા વ્યાવસાયિક આચાર માર્ગદર્શક સૂચનાઓમાં નિયત કરેલ છે. Huntsmanની આ વ્યાવસાયિક આચાર માર્ગદર્શક સૂચનાઓ ("માર્ગદર્શક સૂચનાઓ") પ્રમાણિકતા, નિષ્ઠા, આદર અને જવાબદારી આપણાં મૂલ્યોમાં પ્રતિબિંબિત થાય છે. Huntsman એવી અપેક્ષા રાખે છે કે તેના વિક્રેતાઓ આ મૂલ્યો તેમજ નિયંત્રક પાલન પ્રત્યે આપણી વચનબદ્ધતામાં સહભાગી બનશે અને તેને વળગી રહેશે.

વિક્રેતાઓ, Huntsman કરતાં સ્વતંત્ર હસ્તિ છે, તેમ છતાં વ્યાવસાયિક પ્રણાલિકાઓ અને વિક્રેતાનાં કાર્યો, Huntsman સાથે કે તેના વતી વ્યવસાય કરે, ત્યારે નોંધપાત્ર રીતે આપણી કંપનીને અસર કરી શકે અને તેમાં પ્રતિબિંબિત થઇ શકે. આ કારણોસર, Huntsman એવી અપેક્ષા રાખે છે કે, તમામ વિક્રેતાઓ અને તેમના કર્મચારીઓ, એજન્ટો અને પેટા-કોન્ટ્રાકટરો ("પ્રતિનિધિઓ") જેઓ આપણી સાથે કે આપણાં વતી વ્યવસાય કરે ત્યારે આ માર્ગદર્શક સૂચનાઓમાં નિયત ઉચ્ચ નૈતિક ધોરણો અનુસરે.

Huntsmanની અપેક્ષાઓ સમજે અને તેને વળગી રહે તે આપણાં વિક્રેતાઓ અને પ્રતિનિધિઓની જવાબદારી છે. Huntsmanની અપેક્ષાઓ સાથે જો અને જ્યારે સંઘર્ષમાં આવવું પડી શકે તે રીતે વિક્રેતા કે પ્રતિનિધિને કામ કરવું પડે તેવી સ્થિતિ ઊભી થાય તો વિક્રેતાઓએ Huntsman મેનેજમેન્ટના સભ્યને જાણ કરવી જોઇએ. આ માર્ગદર્શક સૂચનાઓ કે Huntsmanની કોઇ નીતિ સાથે સુસંગત ન હોય તે રીતે કામ કરતો હોવાનું અમને લાગે તેવા કોઇપણ વિક્રેતા કે પ્રતિનિધિને છૂટા કરવાની Huntsman વિનંતી કરી શકશે.

### વિક્રેતા અને પ્રતિનિધિઓનો અપેક્ષિત આચાર

Huntsman સાથે અથવા તેમના વતી વ્યવસાય કરતી વખતે, તમામ વિક્રેતાઓ અને પ્રતિનિધિઓએ તેમની વ્યવસાય આંતરક્રિયાઓ અને પ્રવૃત્તિઓ નિષ્ઠાપૂર્વક તથા તેમના સંબંધિત દેશોને લાગુ પડતા કાયદા અને નિયમોનું પાલન કરીને કરે તેવી અપેક્ષા છે. Huntsman તેના વિક્રેતાઓ અને પ્રતિનિધિઓ પાસે અપેક્ષા રાખે છે કે તેઓ કાર્યના સ્થળે માનવ અધિકારો અને સમાન તક પ્રત્યે તેમની વચનબદ્ધતામાં સહભાગી બને. Huntsman સાથેના વિક્રેતાના કરાર હેઠળની જવાબદારીઓ ઉપરાંત, તમામ વિક્રેતાઓ અને પ્રતિનિધિઓએ આપણાં નૈતિક ધોરણોને અનુસરવા જરૂરી છે, જેમાં નિયમનકારી અનુપાલન, વ્યાવસાયિક પ્રણાલિકાઓ, અને રોજગારના ક્ષેત્રોમાં અપેક્ષિત આચારનો સમાવેશ થાય છે. આ અપેક્ષાઓનો સારાંશ આ દસ્તાવેજમાં નોંધ્યો છે.

**Huntsman વ્યાવસાયિક આચાર માર્ગદર્શક સૂચનાઓનો સંપૂર્ણ પાઠ www.huntsman.com ખાતે મળી શકે છે.**

## I. અપેક્ષિત નિયામક અનુપાલન પ્રણાલિકાઓ

**વિક્રેતા અને તેમના પ્રતિનિધિઓ:**

- તેઓ જે અધિકારક્ષેત્રમાં વ્યવસાય કરતા હોય તેનું સંચાલન કરતા વિશ્વાસ વિરોધી અને વ્યાજબી સ્પર્ધાના કાયદાનું પાલન કરીને વ્યવસાય કરે તેવી અપેક્ષા છે;
- તેઓ જ્યાં વ્યવસાય કરતા હોય તે દેશોના રુશવત વિરોધી કાયદાનું પાલન કરે તેવી અપેક્ષા છે;
- અન્ય વ્યક્તિને અથવા સરકાર કે જાહેર એજન્સીનો કર્મચારી હોય તેવી કોઇ વ્યક્તિને તેના કે તેણીના પર પ્રભાવ પાડવાના ઈરાદાથી કોઇ સીધી કે પરોક્ષ ચૂકવણીઓ, સૂચિત ચૂકવણીઓ, ચૂકવણીમાં સુગમતા કરવી, કે મૂલ્યવાળી કોઇ વસ્તુ આપવાની ઓફર ન કરે તેવી અપેક્ષા છે;
- પર્યાવરણલક્ષી તમામ લાગુ પડતા કાયદા અને નિયમોનું પાલન કરે તેવી અપેક્ષા છે;
- નિયંત્રક એજન્સી પ્રતિનિધિઓ અને સરકારી અધિકારીઓ સાથે ચર્ચા કરવામાં પ્રમાણિક અને સાચા રહે તેવી અપેક્ષા છે;
- Huntsmanની કામગીરીનાં ઘણાં પાસાને લાગુ પડતા તમામ લાગુ પાડવાપાત્ર વેપાર નિયંત્રણ કાયદાનું પાલન કરે તેવી અપેક્ષા છે; અને
- Huntsman સામે અયોગ્ય બહિષ્કાર જરૂરિયાત ન લાદે તેવી અપેક્ષા છે.

## II. અપેક્ષિત વ્યાવસાયિક પ્રણાલિકાઓ

**વિક્રેતા અને તેમના પ્રતિનિધિઓ:**

- તમામ વ્યવસાયની માહિતીનો પ્રમાણિકપણે અને ચોક્સાઇપૂર્વક રેકોર્ડ રાખે અને અહેવાલ આપે તથા તેના પૂરા થવા બાબત અને ચોક્સાઈ અંગેના તમામ લાગુ પડતા કાયદાનું પાલન કરે તેવી અપેક્ષા છે;
- Huntsmanની બૌદ્ધિક સંપદાના માલિકી હકો તથા અન્ય પેટન્ટ, ટ્રેડમાર્ક, તેમજ વેપારની ગુપ્ત બાબતો સહિત, પરંતુ તેટલા પૂરતું મર્યાદિત નહીં તેવી બાબતોનું પાલન કરે, તેમજ તેના સંલગ્ન લાઇસન્સ કે ઉપયોગની શરતો પ્રમાણે જ સોફ્ટવેર, હાર્ડવેર અને સામગ્રીનો ઉપયોગ કરે તેવી અપેક્ષા છે;

- Huntsmanની ભૌતિક અને બૌદ્ધિક સંપદાનું સંરક્ષણ કરે અને જવાબદારીપૂર્વક ઉપયોગ કરે તેવી અપેક્ષા છે;

  Huntsman દ્વારા તેમ કરવા અધિકૃત કરાય ત્યારે જ આવી અસ્ક્યામતોનો ઉપયોગ કરે તેવી અપેક્ષા છે;

  Huntsman દ્વારા પૂરી પડાયેલી માહિતી ટેકનોલોજી અને સિસ્ટમનો (ઈ-મેઈલ સહિત) મુખ્યત્વે Huntsman વ્યવસાય સાથે સંબંધિત હેતુઓ માટે અને લાગુ પડતી Huntsman નીતિ અનુસાર ઉપયોગ કરે તેવી અપેક્ષા છે;

  Huntsmanની નીતિ, વિક્રેતાઓને અને પ્રતિનિધિઓને, પજવણીકારક, ભેદભાવ કરતી, અપમાનજનક, ધમકીપૂર્ણ હિંસા કે તે જ પ્રમાણે અયોગ્ય કે ગેરકાયદેસર બને એવી કોઇ સામગ્રીનું નિર્માણ, એક્સેસ, સંગ્રહ, મુદ્રણ, વિચારણા કરવા, કે મોકલવા માટે Huntsman પૂરી પાડેલી અસ્ક્યામતો, ટેકનોલોજી કે સિસ્ટમનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ મૂકે છે;

- Huntsmanની પાસવર્ડ, ગુપ્તતા, અને સલામતી જાળવણી માટેની જરૂરિયાતોનું પાલન કરે અને Huntsmanના આંતરિક કોર્પોરેટ નેટવર્ક, સિસ્ટમ તથા મકાનોમાં એક્સેસ મેળવવાની શરત તરીકેની તેની ગુપ્તતા કાર્યવાહીને અનુસરે તેવી અપેક્ષા છે;

- Huntsman એસોસિયેટોને ભેટ કે મનોરંજન પ્રદાન કરાય ત્યારે સારી નિર્ણય શક્તિ અને મધ્યમસરતાનો ઉપયોગ કરે તેવી અપેક્ષા છે;

  સામાન્ય રીતે, વિક્રેતાઓ અને પ્રતિનિધિઓએ Huntsmanના એસોસિયેટોને ૫૦ યુએસ ડોલર કરતાં વધુ કિંમતની વ્યક્તિગત ભેટ અથવા ૧૨ મહિનાના ગત ગાળામાં ૧૨૫ યુએસ ડોલર કરતાં વધુ કિંમતની સંયુક્તપણે ભેટ આપવાથી દૂર રહેવું જોઇએ;

  વિક્રેતાઓ અને પ્રતિનિધિઓએ માલસામગ્રી કે સેવાઓ માટે રુશવત, ગેરકાયદે નાણાંની મદદ, કે સોદાબાજીની ગોઠવણો ન કરવી જોઇએ કે Huntsmanનો વ્યવસાય મેળવવા કે ટકાવી રાખવા તેના એસોસિયેટોને બીજા કોઇ ઉત્તેજનો ન આપવા જોઇએ;

  કોઇપણ ભેટ કે મનોરંજન આપતાં કે મેળવતાં, કાયદાનું પાલન અચૂક કરવું જોઇશે, અને Huntsmanની નીતિનું ઉલ્લંઘન કરવું જોઇશે નહીં;

- હિતનો ખરેખરો સંઘર્ષ અથવા હિતના સંઘર્ષનો દેખાવ ટાળે તેવી અપેક્ષા છે.

  વિક્રેતાઓ અથવા પ્રતિનિધિઓએ વાટાઘાટા દરમિયાન અથવા અન્યથા કોઇપણ Huntsmanના એસોસિયેટ કે જેની પત્ની કે અન્ય કૌટુંબિક સભ્ય કે કર્મચારીના કોઇ અન્ય ખાસ સંબંધ ધરાવનાર સાથે અથવા વિક્રેતા કે વિક્રેતાના વ્યવસાયમાં વ્યક્તિગત કે નાણાંકીય રસ હોય તેમની સાથે સીધી રીતે વ્યવહાર કરવો જોઇએ નહીં;

- રોકાણકાર લોકોને ઉપલબ્ધ ન હોય અને સ્ટોકના ખરીદ કે વેચાણ અંગેના રોકાણકારના નિર્ણયને અસર કરી શકે તેવી Huntsman અને અન્ય કંપનીની માહિતી ધરાવતા હોય ત્યારે Huntsman કે અન્ય કંપનીના સ્ટોકની ખરીદી કે વેચાણ દ્વારા આંતરિક વેપાર કરવાનું ટાળે તેવી અપેક્ષા છે; અને

- તમામ લાગુ પડતી કાનૂની અને નિયામક જરૂરિયાતોનું સંપૂર્ણ પાલન કરીને વ્યવસાય રેકોર્ડ ઊભું કરે, ટકાવે અને નિકાલ કરે તેવી અપેક્ષા છે.

## III. અપેક્ષિત રોજગાર પ્રણાલિકાઓ

**વિક્રેતા અને તેમના પ્રતિનિધિઓ પાસેથી અપેક્ષા છે કે:**

- કાર્યસ્થળને સેક્સને લગતી અન્ય પજવણી અને ભેદભાવથી મુક્ત રાખવા Huntsmanની વચનબદ્ધતાને સહકાર આપે તેવી અપેક્ષા છે;
- સલામત અને સ્વસ્થ કાર્ય પર્યાવરણ પૂરું પાડે અને તમામ લાગુ પડતા સલામતી અને સ્વાસ્થ્ય કાયદા, નિયમો અને પ્રણાલિકાઓનું પાલન કરે તેવી અપેક્ષા છે;
- Huntsmanની માલિકીની કે ભાડા પટ્ટાની મિલકત પર હોય તે દરમિયાન ગેરકાયદે નશીલા ઔષધોનો ઉપયોગ, કબજો, વહેંચણી, અને વેચાણ પ્રતિબંધ મુકે તેવી અપેક્ષા છે;
- સ્વૈચ્છિક મજૂરીનો જ ઉપયોગ કરે તેવી અપેક્ષા છે; વેઠનો ઉપયોગ, કરારબદ્ધ મજૂરીના સ્વરૂપે હોય કે અન્યથા હોય, તે પ્રતિબંધિત છે;
- તમામ સ્થાનિક વેતન અને કલાક તથા ન્યૂનતમ કામકાજની વયના કાયદા અને જરૂરિયાતોનું પાલન કરે તેવી અપેક્ષા છે; બાળ મજૂરીનો ઉપયોગ પ્રતિબંધિત છે; અને
- સ્થાનિક અને રાષ્ટ્રીય વિનિયમો અનુસાર કર્મચારીનો રેકોર્ડ જાળવે તેવી અપેક્ષા છે.

**ચિંતાઓ અંગે અહેવાલ આપવો અને સહાયની વિનંતી કરવી**

વિક્રેતા કે પ્રતિનિધિને ચોક્કસ સ્થિતિ અંગે પ્રશ્ન હોય, અથવા સમસ્યા કે ચિંતા વિષે અહેવાલ આપવો જરૂરી હોય, તો વ્યાવસાયિક પ્રણાલિકા કે પાલન અંગેની ચિંતાનો ઉકેલ લાવવા, તેમના પ્રાથમિક Huntsman સંપર્કો સાથે કામ કરવા તેઓને પ્રોત્સાહન અપાય છે. Huntsman પારખે છે, આમ છતાં, એવો સમય આવી શકે કે જ્યારે આ શક્ય કે યોગ્ય ન હોય. આવાં ઉદાહરણોમાં, વિક્રેતા કે પ્રતિનિધિ:

- Huntsman નૈતિક અને કોર્પોરેટ પાલન વિભાગનો +1.281.719.6000 પર સંપર્ક કરી શકે છે.
- Speak Up હેલ્પલાઇનને કોલ કરી શકે છે, જેને www.huntsman.com/speakup પરથી એક્સેસ કરી શકાય છે, અથવા,
- Huntsman નૈતિક અને કોર્પોરેટ પાલન વિભાગને ethics@huntsman.com પર ઈ-મેઈલ કરી શકે છે.

બીજી વ્યક્તિ સામે બદલો લેવાની બાબત Huntsman સહન કરતું નથી. કોઇ વ્યક્તિ શુદ્ધ બુદ્ધિથી કોઇ શંકાસ્પદ કાનૂન કે નીતિના ઉલ્લંઘન અંગે જાણ કરે તો તેના આવા અહેવાલ આપવા માટે બદલો લેવામાં આવશે નહીં. શુદ્ધ બુદ્ધિ એટલે તે કે તેણી નિષ્ઠાપૂર્વક, સાચો, અને સંપૂર્ણ અહેવાલ આપે છે તેમ માનીને જે વ્યક્તિ તમામ માહિતી રજૂ કરવા આગળ આવે તે.

HUNTSMAN
Enriching lives through innovation

**Global headquarters**
Huntsman Corporation
10003 Woodloch Forest Drive
The Woodlands
Texas 77380
USA
Telephone +1 281 719 6000
Fax +1 281 719 6416

www.huntsman.com

Copyright © 2017 Huntsman Corporation or an affiliate thereof. All rights reserved.

The use of the symbol ® herein signifies the registration of the associated trademark in one or more, but not all, countries.